ચરકસંહિતા સૂત્રસ્થાન ના બીજા અધ્યાય માં શિરોવિરેચન તથા અન્ય શરીર સંશોધન માટે પ્રયોજાયેલ...તેમજ ૨૮ યવાગૂઓ માં આવતી વનસ્પતિઓનો
વર્તમાન આધુનીક પરીપેક્ષ્ય પ્રમાણે વનસ્પતિઓ નો સચિત્ર પરીચય આ PDF દ્વારા આપવાનો પ્રયાસ કરેલ છે...

સંકલન અને રજુઆત:-
ડૉ.ભાવેશ મોઢ
(ગાંધીધામ- કચ્છ)

98 79 07 24 45

VISIT…

LANZAROTE Caliente.com

નિમ્ન લિખીત ઔષધદ્રવ્યો ના મોટાભાગે બીજ કે કંદમૂળ ના ચુર્ણ નું પ્રધમન નસ્ય...

गौरवे शिरसः शूले पीनसे अर्धावभेदके
क्रिमिव्याधे अपस्मारे घ्राणनाशे प्रमोहके

આપવા માં આવે છે..

1.अपामार्ग 2.पिप्पलीः
3.मरिचानि 4.विड्ङ्गानिः
5. शिग्रूणि. 6.सर्षपाः
7.तुम्बुरूणि. 8.अजाजी
9.अजगंधाम्. 10. पीलुनि
11.एलां. 12.हरेणुकाम्
13.पृथ्वीकाम् 14.सुरसां
15.श्वेतां 16.कुठेरक
17.फणिज्झकौ 18.शिरीष
19लशुनं 20.हरिद्रे 21.लवणद्वयम्
22.ज्योतिष्मतीम् 23नागरम्

1.. **अपामार्ग**
अप+ आ + मृज् + करणेधञ्
એટલે કે પ્રદુષિત થયેલ દોષ દુષ્ય ને મારી નાંખી ને નાશ કરે છે આથી અપામાર્ગ...
અ.1 માં ફલીની ના વિવેચન માં *प्रत्येकपुष्पी* અંતર્ગત આ અધેડા નામે ઓળખાતી વનસ્પતિ નો પરીચય મેળવેલ છે... આના બીજ ને છડી = ફોતરાંવિગેરે દૂર કરી એના ચુર્ણ ને નસ્ય તરીકે પ્રયોજવામાં આવે છે...
2.. **पिप्पली**
જે પાણી પીવા(ચૂસવા) માટે હંમેશા આતુરતા થી ગતી કરે છે... કફ ને સુકવી નાંખે છે પણ પિત્તને વધારતી નથી એવી વનસ્પતિ ને પિપ્પલી એટલે કે ગુજરાતી માં **લીંડીપીપર** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Piper Longam** છે.. આના સૂકાં ફળ નું ચુર્ણ નસ્ય તરીકે અપાય છે... આખી પીપર ભેજ શોષી ને ફુગાઇ જાય છે...
4:57 PM


Piper Longam
पिप्पली


લીંડીપીપર
May 20,2018
PhotoDirector

3.. **मरिच**
मृ + इच જે વિષ અને દુષ્ય ને તુરંતજ મારી (નાશ કરી) નાંખે છે.

ગુજરાતી માં જેને **કાળાંમરી** કહે છે, જેનું વૈજ્ઞાનિક નામ **Piper Nigram** છે. આના સૂકાં ફળ નું ચુર્ણ નસ્ય તરીકે અપાય છે. 5:24 PM


Piper Nigram
मरिच


કાળાં મરી
May.20,2018
PhotoDirector

4.. **विडङ्ग**
આ દ્રવ્ય ના સૂકાં ફળ ના ચુર્ણ ને નસ્ય તરીકે પ્રયોજવામાં આવે છે જેનો પરીચય અ.1 માં ફલીની ના લીસ્ટ માં આપેલ છે.
5.. **शिग्रु**
જે વૃક્ષ ની ટોચે હોય છે અને ઝડપી ગતી કરે છે. આયુર્વેદ ચિકિત્સા માં જયાં શિગ્રુ વર્ણવેલ છે ત્યાં *સરગવા* ની ફળશીંગ ના બીજ લેવાય છે. અહિં તો સ્પષ્ટ નિર્દેશ કરાયેલ જ છે शिग्रुबीजम्
અધ્યાય એક માં જે વનસ્પતિ ની છાલ ઉપયોગી છે એમાં *કૃષ્ણગંધા* ના નામે સરગવા નો પરીચય અપાયેલ છે.
5:39 PM


शिग्रु बीजम्

6.. **सर्षपा**
જે સરકે જે અને સરકાવનાર છે.
ગુજરાતી માં જેને **પીળાં સરસવ** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Brassica Nigra** છે.. આના બીજ નું ચુર્ણ નસ્ય તરીકે અપાય છે.

5:49 PM

Brassica Nigra

सर्षप

પીળાં સરસવ



7.. **तुम्बुरु**
तुम्ब् + उरु
तुम्ब એટલે બેઠાઘાટ નું ગોળ... अलाबु કે ગોળ-દૂધી માટે વપરાતો શબ્દ છે... उरु શબ્દ વિશાળતા માટે વપરાય છે...
તુમ્બુરૂ ફળ માંથી જ કદાચ *તંતુવાદ્ય તંબુરો* બનાવવામાં આવતો હશે...
અધ્યાય 1 માં ફલીની **इक्ष्वाकु - કડવીતુંબડી** અંતર્ગત આનો પરીચય આપેલ છે...
કેટલાક વિદ્વાનો મરાઠીમાં કહેવાતાં ***चिरफल*** ને तुम्बुरु ગણાવે છે જેનું વૈજ્ઞાનિક નામ ***Zanthoxylam Alatum*** છે.. આ દક્ષિણભારત માં થતી વનસ્પતિ છે જયારે ચરકસંહિતા ના સૂત્રસ્થાન માં વર્ણવેલ મોટાભાગ ની વનસ્પતિ હિમાલય ની આસપાસ ઉપલબ્ધ હતી..
એટલે તુમ્બુરૂ ફળ થી કડવી ગોળ દૂધી ના સૂકાં બીજના ચૂર્ણ ને નસ્ય તરીકે પ્રયોજવા જોઇએ...

6:29 PM

Zanthoxylam Alatum

चिरफल (मराठी)

8..अजाजी
अज् + इञ्
જે જંગલ ઝાડી માં કૂદકા મારી ને (બકરાં ની જેમ) શિઘ્રતા થી આગળ વધે છે..
अजाजी થી ગુજરાતી માં જેને ખાધાજીરૂ કે સામાન્યજીરૂ કહે છે એ લેવાય છે જેનું વૈજ્ઞાનિક નામ Cuminum cyminum છે. જેના સૂકાં બીજ નું ચુર્ણ નસ્ય તરીકે અપાય છે. 6:40 PM


Cuminum Cyminum
अजाजी


May.20.2018
PhotoDirector

9.. **अजगंधा**
આનો પરીચય અધ્યાય એક ની ફલીની ના લીસ્ટ
માં આપેલ છે.
આનું બીજચુર્ણ નસ્ય માં ઉપયોગી છે..
10.. **पीलुनि**
જેના ફળ - રસ સહીત પીવાય છે..ગુજરાતી માં
પણ **પીલુડી** જ કહેવાય છે જેનું વૈજ્ઞાનિક નામ
Salvadora Persica છે. આનું બીજચુર્ણ
નસ્ય માં ઉપયોગી છે..
6:52 PM

Salvadora Persica

पीलुनि

પીલુડી

मिस्वाक

May.20.2018

PhotoDirector

11.. **एला**
સુગંધી થી જે આકર્ષિત કરે છે..
આને ગુજરાતી માં મોટીઇલાયચી કે **એલચો** કહે છે.. આયુર્વેદિક ચિકિત્સા માં જયાં एला લખેલ છે ત્યાં એલચો નું સૂકું ફળ લેવાય છે.
જેનું વૈજ્ઞાનિક નામ **Amomum Subulatum** છે.
ઇલાયચી માટે સૂક્ષ્મएला શબ્દ વપરાયેલ છે...
એલચો એ ઇલાયચી કરતાં વધુ તીક્ષણ તેજ હોય છે આથી નસ્ય માં એના બીજસહીત નું ફળ નું ચુર્ણ વપરાય છે.
10:05 PM


Amomum Subulatum
एला


એલચો
PhotoDirector

12.. **हरेणुकाम्**
हृ + एणु + क આકાર માં સુક્ષ્મ પણ વટાણા જેવી તથા ઝડપી ગતી વાળુ...
હરેણુકા ને રેણુકબીજ પણ કહેછે અને એ સંદિગ્ધ છે ઘણા વિદ્વાનો એને નગોળ ના બીજ તરીકે લે છે.. વૈજ્ઞાનિક નામ **Vitex Agnus Castus** ના ગુણકર્મ તથા ઉત્પતિ આબોહવા વિગેરે હરેણુકા ને મળતું આવે છે... આ પ્રજાતી નગોળ ને પણ મળતી આવે છે એટલે કદાચ રેણુકબીજ થી નગોળ ના બીજ લેવાતા હશે.
નસ્ય તરીકે બીજ ના ચુર્ણ ને વપરાય છે.

10:05 PM


Vitax Agnus Castus


हरेणुका बीजम्
May.20,2018
PhotoDirector


Vitex Agnus Castus
हरेणुका


May.20,2018
PhotoDirector

13.. **पृथ्वीकाम्**
જે પોતાના ગુણો થી પ્રસિદ્ધ છે.
આ દ્રવ્ય વિશે ત્રણેક મત છે.. *a. નાનીએલચી* તથા *b. કલોંજી* જીરા નો એક સંસ્કૃત પર્યાયપૃથ્વીકામ્ આપેલ છે... પણ ગુજરાતી માં *c. બાફળી* તરીકે ઓળખાતી ***Peucedanun Grande*** જેને અ.સ.સૂ.અ.12 માં बाष्पिका થી ઓળખાવી એના ગુણકર્મ વર્ણવતા જણાવે છે કે...
कटुतिक्तोष्णा कृमिश्लेष्महरा परम् तद्वच्च राजिका विघ्नसादनी दीपनी परम् अहृधा सर्षपाः स्निग्धा बाष्पिकावच्चः कीर्तितः।
આ ગુણો શિરોવિરેચન દ્રવ્ય માં અપેક્ષીત છે.. એલચી અને કલોંજી માં બાફળી કરતાં આ ગુણો ઉતરતાં છે.. આથી પૃથ્વીકામ્ તરીકે **બાફળી** જ વધુ યોગ્ય છે... બાફળી એ ગુજરાતી લોકો જેમ સુરતી વાલોળ પાપડી જેવા કઠોળ આદી ને બાફતી વખતે એ ખાદ્ય પાચન માં ભારે ના પડે એ માટે અજમો નાંખી ને બાફે છે એમ કદાચ અજમો ને બદલે ખાદ્ય માં આ વનસ્પતિ આદી કાળ થી વપરાતી હશે એટલે એનું નામ બાફળી પડ્યું હશે. આના અજમા જેવા બીજ નું ચુર્ણ નસ્ય તરીકે અપાય છે.
10:05 PM


Peucedanum Grande
पृथ्वीकाम्


બાફળી
May.20,2018
PhotoDirector

14.. **सुरसा**
સારા રસ વાળી...
આને આપણે કૃષ્ણતુલસી કે કપુરતુલસી અંગ્રેજી માં હોલીબેસીલ તરીકે ઓળખીએ છીએ.. એની સુગંધ વધુ તીવ્ર હોય છે. આનું વૈજ્ઞાનિક નામ **Ocimum Sanctum** છે..
આના બીજ ના ચુર્ણ ને નસ્ય તરીકે વપરાય છે..
15.. **श्वेता**
આ વનસ્પતિ નો પરીચય અધ્યાય 1 ની મૂલીની ની યાદી માં આપેલ છે.. આ વનસ્પતિ ની ફલશીંગ ના બીજ નો નસ્ય તરીકે ઉપયોગ થાય છે..
12:34 PM


Ocimum Sanctum
सुरसा


કૃષ્ણતુલસી ના બીજ
May.21,2018
PhotoDirector

16.. **कुठेरक**

કુહાડી ⛏️ ની જેમ કઠોરતા કાપી-કાપી ને દોષાદી ના નાશ કરે છે..

આ વનસ્પતિ ને **રાનતુલસી** કે તુલસી ની જંગલી પ્રજાતી તરીકે ઓળખાય છે પત્ર ખરસ્પર્શ અને મોટા હોય છે.. રસ તીક્ષ્ણ કટુ હોય છે.. શ્વેતતુલસી થી પણ ઓળખાય છે.. રાનતુલસી નું અપભ્રંશ થઇને રામતુલસી નામ થયેલ છે.. કાષ્ઠ મોટું હોવાથી તુલસી ની માળા જેને રામનામી કહે છે એ બનાવવામાં ઉપયોગી હોવાથી પણ એને રામતુલસી કહેતાં હશે. વૈજ્ઞાનિક નામ **Ocimum Gratissimum** છે. બીજ નું ચુર્ણ નસ્ય તરીકે અપાય છે.

12:34 PM


Ocimum Gratissimum
कुठेरक


रानतुलसी
May.21,2018
PhotoDirector

17.. **फणिज्झकौ**
જેના પાન સાઁપ🐍 ની ફેણ જેવા હોય છે અને એની તીવ્ર ખુશ્બો થી સર્પાદિ જેની નજીક નથી આવતાં.

ગુજરાતી માં આ વનસ્પતિ ને **ડમરો કે મરવા** તરીકે ઓળખાય છે .
જેનું વૈજ્ઞાનિક નામ **Ocimum Basilicum** છે.
અંગ્રેજી માં આને સ્વીટબેસીલ કહે છે. આના બીજ નું ચુર્ણ નસ્ય તરીકે અપાય છે. 12:53 PM


Ocimum Basilicum
फणिज्झकौ


મરવા / ડમરાં ના બીજ
May.21,2018
PhotoDirector

18..शिरीष
શૃ + इष કુનેહપૂર્વક સર્પ ની જેમ શિઘ્રતા થી ગતિ કરી ને વિષ અને દુષ્ય નો નાશ કરનાર...
ગુજરાતી માં જેને સરસડો કહે છે.જેનુ વૈજ્ઞાનિક નામ Albizzia Lebbeck આના બીજ શ્લેષ્મત્વચા ને ખુબ ઈરીટેટ કરનારા હોય છે. જે નસ્ય તરીકે અપાય છે

3:45 PM


Albizzia Lebbeck
शिरीष


સરસડા ના બીજ
May.21,2018
PhotoDirector

19..लशुनं
लश + उन
જેમાં એક (અમ્લ) રસ નો લોપ થયેલ છે અને
દોષો ને જે अश्नुते ખાઇ જાય છે. વૈજ્ઞાનિક નામ
Allium Sativum છે. લસણ ના કલ્ક ને તીક્ષ્ણ
નસ્ય તરીકે અપાય છે.
3:46 PM


Allium Sativum
लशुन


લસણ
May.21,2018
PhotoDirector

20..हरिद्रे
જે લીલાશ પડતો પીળો રંગ આપે છે..
કેટલાક વિદ્વાનો हरिद्रे શબ્દ થી હળદર અને દારૂહળદર બે સાથે લેવાનું સુચન કરે છે.
દારૂહળદર નું પ્રયોજ્ય અંગ એની છાલ છે અને આ અધ્યાય માં નસ્ય તરીકે વપરાતી તમામ વનોષધિ ના ફલબીજ કે મૂલકંદ નું ચુર્ણ વપરાયેલ છે.. દારૂહરિદ્રા ને મુખ કર્ણ ,નેત્ર તથા ત્વચા ના વિકારો માં ઉપયોગી બતાવેલ છે..
હળદર નું વૈજ્ઞાનિક નામ Curcuma Longa છે.
અને એના સૂકાંકદ નું ચુર્ણ નસ્ય તરીકે અપાય છે.




લીલી તાજી હળદર
May.21,2018
PhotoDirector



હળદર

May.21,2018

PhotoDirector

21.. लवणद्वये
लव् + अण
જે થોડી માત્રા માં પણ છેદન કે વિનાશ કરે છે.
પાંચ લવણ પૈકી लवणद्वये થી **सौवर्चलम्** અને **सैंधवम्** એમ બે લવણ લેવા માં આવે છે.પંજાબ-સિંધ પ્રાંત માંથી કેટલાક પર્વતો ની ખાણ માંથી કુદરતી ખનીજ સ્વરૂપે સૈંધવ મળે છે.. સિંધ પ્રાંતમાંથી મળે છે એટલે સૈંધવ... એજ રીતે પ્રાચીન કાળ માં સુર્વચલ દેશ માં વહેતી કોઇ નદી ના પટ માંથી સર્જીકાક્ષાર એટલે કે સાજીખાર કુદરતી ખનીજ તરીકે મળતો.. આ સાજીખાર અને સૈંધવ ને મીક્ષ કરી ને પાણી માં ઓગાળી પછી એને તિવ્ર તાપ આપી ને જે ક્રિસ્ટલ નિર્માણ થતાં એને सौवर्चलम् એટલે કે સંચળ કે કાળુ-નમક કહેવાતું... સૈંધવ માં સોડિયમ કલોરાઇડ તથા સંચળ માં પૉટેશીયમ ક્લોરાઇડ નું વિશેષ પ્રમાણ છે.

3:47 PM


सैंधव

सौवर्चलम्

સંચળ

May.21,2018

22.. **ज्योतिष्मती**
આનુ વર્ણન અ.૧ માં મૂલીની ના લીસ્ટ માં આપેલ છે જેના મૂળ ના ચુર્ણ નસ્ય તરીકે અપાય છે.

23.. **नागर**
જેની પ્રભાવશાળી - વિશાળ ઉપયોગીતા છે.. જે તમામ પ્રકાર ના વિષ અને દોષ ને દૂર કરે છે.. આને ગુજરાતી માં સુંઠ કહે છે જેનું વૈજ્ઞાનિક નામ Zinzibar Officinale છે. આ વનસ્પતિ નું વતન ઝાંઝીબાર ટાપુ માનવા માં આવે છે... પણ ઇતિહાસ જાણવામાં આવે તો ઉત્તર ગુજરાત માં શામળાજી તથા પ્રાંતીજ ના વિસ્તાર માં સારીક્વોલીટીનું મબલખ આદુ પાકે છે... આનર્ત દેશની રાજધાની પ્રાપ્તિપુરી એટલે પ્રાંતિજ પાસેના હાટકેશ્વર તીર્થમાં વસતા બ્રાહ્મણોનાં બોતેર ગોત્રમાંથી અડસઠ ગોત્રે પ્રતિગ્રહ કરી નગરમાં વાસ કર્યો. એ આદિકથા સ્કંદપુરાણાંતર્ગત નાગરખંડમાં જાણીતી છે. આ અધ્યાય માં વર્ણવેલ નસ્ય દ્રવ્યો માં પૈકી શિલ્પકળા માટે જાણીતા લશાદેશ નું લસણ સિંધદેશ નું સૈંધવ, સૌર્વચલ દેશ નું સંચળ વપરાયેલ છે એમ નાગરદેશ ની નાગર એટલે કે સુંઠ ઉલ્લેખાયેલ છે.

3:55 PM


आद्रक


Zinzibar Officinale
May.21,2018
PhotoDirector


नागरं
सुंठ


May.21,2018
PhotoDirector

A. **આમાશયગત (કફપિત્ત)દોષ દૂર કરવા વમનયોગ ના દ્રવ્યો.**

1.मदनं 2.मधुकं 3.निम्बं 4.जीमूतं 5.कृतवेधन 6.पिप्पली 7.कुटज 8.इक्ष्वाकुणि 9.एलां 10.धामार्गवाणि

B.પકવાશયગત (કફપિત્ત)દોષ દૂર કરવા વિરેચનયોગ ના દ્રવ્યો.

1.त्रिवृतां 2.त्रिफलां 3.दंति 4.नीलीनीं 5.सप्तलां 6.वचाम्
7.कंपिल्लकं 8.गवाक्षी 9.क्षीरिणीं 10.उदकीर्यं 11.पीलुनि 12.आरगवधं 13.द्राक्षां 14.द्रवन्तिं 15.निचुलानि

C. **વાતઘ્ન તરીકે સ્નેહ-લવણ યુક્ત આસ્થાપન તથા સિદ્ધતેલ થી અનુવાસન માટેના દ્રવ્યો.**

1.पाटला 2.अग्निमंथ 3.बिल्व
4.श्योनाक 5.काश्मर्ये 6.शालपर्णी 7.पृश्निपर्णि 8.निदिग्धिकां 9.बलां 10.श्वद्रष्टां 11.बृहतिं 12.एरडं 13.पुनर्नवं 14.यवान् 15.कुलत्थ 16.कोलानि 17.गुडूचीं
18.मदन 19.पलाशं 20.कतृण

9:53 AM

આમાશયગત કફ અને પિત્ત ના આશ્રયે રહેતા વ્યાધિવિકારો ના દોષ દુષ્ય નું વમન દ્વારા સંશોધન કરવા માટે અપાયેલ 10 દ્રવ્યો પૈકી નવ દ્રવ્યો ની પૂર્વે પરીચય મેળવેલ છે. જેમાં क्लीतक ના વર્ણન થી મધુક લેવા માં આવે છે. મધુક નો ગુજરાતી અર્થ જેનાં મૂળ મધ જેવા મીઠાં અને એવાજ ગુણકર્મ ધરાવતી વનસ્પતિ.

જેઠીમધ ના મૂળીયા ને ચિકિત્સા માં મધુકં થી વર્ણવેલ છે.

બાકી રહેતુ દસમું વમન દ્રવ્ય માં निम्ब નો પરીચય..

નિમ્બ શબ્દ થી *જેના સેવન થી આરોગ્ય રહે છે એ* એવો અર્થ કરાય છે. વમન દ્રવ્ય તરીકે નિમપત્રસ્વરસ કે કલ્ક વપરાય છે ગુજરાતી માં લીમડો અને વૈજ્ઞાનિક નામ Melia Azadirachta કહેવાય છે.

9:49 PM

Melia Azadirachta

निम्ब

લીમડો



B.કફ પિત્ત થી દુષિત થયેલ અને પકવાશય ને આશ્રયે રહેલા દુષ્યો ને વિરેચન થી બહાર કાઢવામાં આવે છે. વિરેચન યોગ માં પ્રયોજાતા 15 દ્રવ્યો પૈકી ત્રિફલા ના બહેડાં અને આંમળા નો પરીચય.(अभया એટલે હરડે નું પરીચય અધ્યાય ૧ માં આપેલ છે)

बिभीतक

જેના સેવન થી રોગ નો ભય રહેતો નથી. ગુજરાતી માં બહેડાં તરીકે ઓળખાતી આ વનસ્પતિ નું વૈજ્ઞાનિક નામ Terminaliya Belerica છે. વિરેચન યોગ માં સુકાં ફળ ની મજ્જા વપરાય છે.

2:34 PM

Terminaliya Belerica

बिभीतक





आमलकी
જેના પ્રત્યેક અંગ અમ્લ છે.

ગુજરાતી માં જેને **આંમળા** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Emblic Myrobalans** છે.
આંમળા નો તાજો રસ રેચક છે.

2:34 PM


Emblic Myrobalans


आमलकी
આંમળા

द्राक्षा

જે રંગેરૂપે રસાળ હોવાથી જેના રસ ની મેળવવા ની ઇચ્છા થાય છે.

આ વનસ્પતિ ના સુકાવાયેલા ફળ ને ગુજરાતી માં **કિશમીશ** ના નામે ઓળખાય છે.

આ વનસ્પતિ નું વૈજ્ઞાનિક નામ **Vitis Vinifera** છે. તાજા લીલા ફળ માં ના ઓકઝેલીક એસીડ ના કારણે વધુ પ્રમાણમાં ખવાતા રેટ લાગે છે.

2:34 PM

Vitis Vinifera

द्राक्षा

द्राक्षा

કિશમીશ

वचा

જે વાણી ને ઉત્પન્ન કરે છે અથવા વાણી ને સુમધુર બનાવે છે.

ગુજરાતી માં જેને **ઘોડાવજ** કહે છે. જેનું વૈજ્ઞાનિક નામ **Acorus Calamus** છે. આના સૂકાં મૂળ નું ચુર્ણ વિરેચન યોગ માં વપરાય છે.

2:34 PM


वचाम्


वचा
ઘોડાવજ


Acorus Calamus
वचा

निचुल


निचोलति समुच्छ्रयतीति

બંગાળ ની ખાડી માં અને કોંકણ ના દરીયાઇ વિસ્તાર માં આ વૈજ્ઞાનિક નામ **Barringtonia Acutangula** થી ઓળખાતું વૃક્ષ પાણી માં થાય છે.. મધ્યમ ઊંચાઇ ના આ વૃક્ષ ના ફળ ને **સમુદ્રફલ** કહે છે.. જે કફ દોષ ને વમન થી તથા પિત્ત દોષ ને વિરેચન થી બહાર કાઢે છે.. બંગાળી માં એને **હિજ્જલ** નામે ઓળખાય છે. ભાવપ્રકાશ માં **જલવેતસ** કહ્યું છે પુષ્કળ પાણી માં ઉગી નીકળે છે એથી..

2:34 PM


निचुल हिज्जल समुद्रफल


निचुल
जलवेतस/ समुद्रफल/ हिज्जल


निचुल - पुष्प मंझरी


Barringtonia Acutangula
निचुल


निचुल
समुद्रफल

C.સ્નેહ અને લવણ યુક્ત આસ્થાપન કે સિદ્ધ સ્નેહ તરીકે અનુવાસન માં વાતઘ્ન તરીકે વપરાતા દ્રવ્યો નો પરીચય...

પાટલા

વિશિષ્ટ પ્રકાર ની ગોળ તથા શ્વેતલાલ રંગ ના ફુલો ને કારણે પાટલા કહેવાય છે... દોષ દુષ્ય ને છેદી નાંખે છે.

ગુજરાતી માં પાડળ કહે છે જેનું વૈજ્ઞાનિક નામ Steriospermum Tetragonum છે. આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન અનુવાસન માં ઉપયોગી છે.

12:24 PM







Mother plant of *Stereospermum tetragonum*, flower, pods.

Sterospermum
Tetragonum



पाटला

પાડળ



अग्निमंथ
જેનું મંથન કરવાથી અગ્નિ પ્રજવલિત કરી શકાય છે. આ વનસ્પતિ ને ગુજરાતી માં **મોટી અરણી** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Premna Integrifolia** છે.
આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે. 12:24 PM

Premna Integrifolia



अग्निमंथ

મોટીઅરણી



बिल्व
બિલ નો અર્થ જે ભેદી નાંખે છે.
ગુજરાતી માં **બીલી** કહે છે વૈજ્ઞાનિક નામ **Aegle Marmelos** છે. આના કાચા તથા પાકા ફળ તેમજ પત્ર નો ઔષધિય ઉપયોગ થાય છે.
આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવવામાં ઉપયોગી છે. 12:25 PM



Aegle Marmelos

gettyimages

बिल्व
બીલી

શ્યોનાક

આ વનસ્પતિ ની ટોચે રહેલ પુષ્પ દંડ ; કળી પુષ્પ અને ફળ સહીત સૂર્ય ની સામે સહેજ વાંકો વળેલો હોય છે આથી એને શ્યોનાક નામ આપેલ ગતી ના અર્થ માં વપરાતી મૂળ ધાતુ શ્યૈ પરથી...

ગુજરાતી માં જેને **ટેંટુ** કહે છે તલવાર જેવી લાંબી ફલશિંગ થી ઓળખાઇ આવે છે. જેનુ વૈજ્ઞાનિક નામ **Oroxylum Indicum** છે.
ટેંટુ ની છાલ નો પણ ઔષધી તરીકે ઉપયોગ થાય છે.આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે.

Oroxylum Indicum

श्योनाक टेंटु







Oroxylum
Indicum
श्योनाक
टेंटु



काश्मर्य

મૂળ શબ્દ કાશતે જેની શોભા દિપી ઉઠે છે એવા અર્થ માં વપરાય છે.. આ વનસ્પતિ ના પર્ણ અને પુષ્પ આકર્ષિત કરનાર છે એટલે કાશ્મર્ય નામ આપેલ છે..

ગુજરાતી માં **શિવણ** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Gmelina Arborea** છે.

આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે. 12:25 PM





Gmelina
Arborea
काश्मर्य
शिवण



શાલપર્ણી
જેની પ્રશંસા કરાય છે એવા અર્થ માં વપરાતો મૂળ શબ્દ શાલ ... સાલવૃક્ષ ના પર્ણો જેવા પાંદડા ધરાવતી વનસ્પતિ...
ગુજરાતી માં **સાલવણ** કહે છે.
જેનું વૈજ્ઞાનિક નામ **Desmodium Gangeticum** છે.
આના મૂળીયા મોટા હોય છે જેથી એને **દિર્ઘમૂલી** પણ કહે છે.
આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે. 12:25 PM

Desmodium Gangeticum

शालपर्णी

सालवण

પૃશ્નિપર્ણિ
લાંબા, સાંકડા અને વચ્ચે થી કાબરચિત્રા પર્ણો ધરાવતી વનસ્પતિ જેને ગુજરાતી માં **પીઠવણ** કહે છે. જેનું વૈજ્ઞાનિક નામ **Uraria Picta** છે.
આની મૂળ નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવવામાં ઉપયોગી છે. 12:25 PM


Uraria Picta
पृश्निपर्णि
પીઠવણ

निदिग्धिका

ઉપચય ના અર્થ માં વપરાતા મૂળ શબ્દ માંથી બનેલ નિદિગ્ધિકા છે...
આ વનસ્પતિ ને ગુજરાતી માં બેઠી **ભોરીંગણી** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Solanum Xanthocarpum** છે..
મોટાભાગે તો આખું પંચાંગ જ વપરાય છે પણ સારી અસર લાવવા માત્ર મૂળ નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે.



Solanum
Xanthocarpum
निदिग्धिकाम्
બેઠી ભોંરીંગણી



बला

બળ આપનાર

ગુજરાતી માં **ખરેટી** કહે છે વૈજ્ઞાનિક નામ **Sida Cardifolia** છે. આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે.

આ વનસ્પતિ ના ફળ ના બીજ ને પણ બળદાણા તરીકે યુનાની હકીમ વાપરે છે. 12:25 PM







Sida Cordifolia

बला

ખરેટી

શ્વદ્રષ્ટાં

જેના ફળ કૂતરા 🐕 ની દાઢ જેવા હોવાથી...
ગુજરાતી માં જેને **નાના ગોખરૂ** કહે છે. વૈજ્ઞાનિક નામ **Tribulus Terrestris** છે.. રસાયન તરીકે મોટાગોખરૂ વપરાય છે. નાના ગોખરૂ ના ફળ મૂત્રલ છે
આના મૂળ સહીત ના પંચાંગ નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે.




Tribulus
Terrestris
श्वदंष्ट्रा
નાનાગોખરૂ

बृहति

 ક્ષુપ હોવા છતાં મોટાં વૃક્ષ જેવી લાગતી
હોવાથી ...

ગુજરાતી માં **ઊભી ભોરીંગણી** કહે છે, જેનું વૈજ્ઞાનિક નામ **Solanum Indicum** છે. આના પુષ્પ અને ફળ બેઠી ભોરીંગણી જેવા જ હોય છે પણ પર્ણ પર કાંટા નો અભાવ હોય છે તથા બેઠી ભોરીંગણી ના ફળ સૂકાંતા લાલ નથી થતાં આના થાય છે.
આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે. 12:25 PM

Solanum Indicum

बृहति

ઊભી ભોરીંગણી

एरंड
જે વાયુ ને ચોપાસ થી નાશ કરે છે.
ગુજરાતી માં **દિવેલા** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Ricinus Communis** છે. આના ફળ ની મીંજ તથા કાઢેલું તેલ પણ ઔષધી તરીકે વપરાય છે. આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે.

12:25 PM







Ricinus
Communis
एरंड

દિવેલા

पुनर्नवा
ફરી થી જીવંત થાય છે કે કરે છે..
ગુજરાતી માં આને **સાટોડી** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Boerhavia Diffusa** છે. સાટોડી ની લાલ કે ગુલાબી અને સફેદ પુષ્પ વાળી બે પ્રજાતી જોવા મળે છે... બોહેવીયા ની ડિફ્યુઝા પ્રજાતી ના જ મૂળ લાંબા અને જાડા હોય છે આથી ઔષધી ઉપયોગ માં લેવાય છે... સાટોડી ના પુષ્પો તથા ફળ લાંબી સળી પર આવે છે જે એની ઓળખ છે. આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવવામાં ઉપયોગી છે. 12:25 PM




Boerhavia Diffusa
पुनर्नवा




સાટોડી

यव

યુષ બનાવવા જે ઉપયોગી અને જરૂરી છે. ગુજરાતી માં **જવ** કહે છે. જેનું વૈજ્ઞાનિક નામ **Hordeum Vulgare** છે. ઘઉં કરતાં જવ ના પાન પહોળા આછાલીલા રંગ ના અને સુંવાળા હોય છે. બીજ ભુખરાં અને નાના હોય છે. જવ ને સેકી ને એનો ઉપયોગ કરાય છે. આના મૂળ નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે.

12:25 PM


यवान्


જવ

कुलत्थ
क શબ્દ નો અર્થ ભૂમિ છે.. જે વનસ્પતિ જમીન થી સહેજ ઊંચી રહે છે.. અથવા પ્રસારણી ના હોવા છતાં ભૂમિ ના સંપર્ક માં રહે છે.

ગુજરાતી માં જેને **કળથી** કહે છે. જેનું વૈજ્ઞાનિક નામ **Dolichos Biflours** છે.
કળથી ના ધાન ને ચરકે શ્રેષ્ઠ અમ્લપિત્તકર બતાવેલ છે
આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે. 12:25 PM





Dolichos Biflours

कुलत्थ

કળથી



कोल
બંધાઇ ને રહેવું એવા અર્થ માં વપરાતા મૂળ શબ્દ
कुल પરથી આવેલ શબ્દ છે.. જે ઝાડી ની જેમ
ગીચતા કરી ને ફેલાય છે.
ગુજરાતી માં જેને **મોટા બોર** ની બોરડી કહે છે..
કલમ કે સંવર્ધન ના કરાય તો ખાટાં બોર આવે છે..
જેનું વૈજ્ઞાનિક નામ **Ziziphus Jujuba** છે.
આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન
બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે. 12:25 PM


Ziziphus Jujuba
कोल


મોટા બોર

गुडूची
ગુડ શબ્દ વિંટાળાવવા ના અર્થ માં વપરાતો મૂળ શબ્દ ગુડ પરથી ગુડૂચી આવેલ છે જે શરીર ના દોષ દુષ્ય ની વિંટી ને (Covered) બહાર કાઢે છે..
ગુજરાતી માં જેને **ગળો** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Tinospora Cardifolia** છે.
આના પ્રકાંડ નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે. 12:25 PM




Tinospora
Cordifolia
गुडूची
ગળો




પલાશ
જે પડીયા બનાવવા વપરાય છે.. ચારતોલા માપ નું પ્રવાહી માટે પલં શબ્દ વપરાય છે. પલાશ ના પર્ણ થી બનાવેલ પડીયા🍚 માં સરેરાશ એક પલ દ્રવ્ય સમાઇ શકે છે આથી એને પલાશ નામ અપાયું છે...
ગુજરાતી માં જેને **ખાખરો** કહે છે વૈજ્ઞાનિક નામ **Butea monosperma** છે.. પંચાગ નો ઔષધી ઉપયોગી થાય છે એમ છતાંય મૂળ માંથી મેળવાતો પલાશક્ષાર વધુ પ્રચલીત છે.. આની ફલશિંગ માં માત્ર એક જ બીજ હોય છે...
આની મૂળત્વક નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવામાં ઉપયોગી છે. 12:25 PM





Butea
Monosperma
पलाश
ખાખરો





कतृण

માટી ની મહેક જેવી ગંધ ધરાવતુ ઘાસ ગુજરાતી માં જેને **રોહિષ** કે રોસડો કહે છે.જેનુ વૈજ્ઞાનિક નામ **Cymbopogon Schoenantus** છે. આ ઘાસ ના મૂળીયા માં આહ્લાદક ભીની ખુશબો હોય છે...

આના મૂળ નો કલ્ક આસ્થાપન - અનુવાસન બસ્તિ દ્રવ્ય બનાવવવામાં ઉપયોગી છે.

12:25 PM





Cymbopogon Schoenantus
कतृण
રોહિષ



